બીલીમોરા પો. સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૮૨૨૦૦૬૨૧૨૪૦૮/૨૦૨૧ ઈ.પી.કો. કલમ–૩૭૯, ૪૨૭, ૧૧૪ ના કામના આરોપી (૧) જમીલ મોહમદ કુરેશી (૨) સાહીલ સન/ઓ જમીલ મોહમદ કુરેશીનાઓની જામીન અરજી હેઠળ હુકમ

---

આરોપીઓના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યા. આ અરજી તથા પેપર્સ વંચાણે લીધા.

**(૧)..**આરોપીઓ પક્ષે તેમના વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે હાલના આરોપીઓ ગરીબ માણસ છે. આરોપીઓ ઉપર વધુમાં વધુ ૩ વર્ષની સજાને પાત્ર ગુન્હાનો આરોપ છે. કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. આરોપીઓ કોઈ હાર્ડકોર ક્રિમીનલ નથી. આરોપીઓ ઉપર પરીવારની જવાબદારી છે. સદર કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. આમ, આરોપીઓને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

જયારે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, આરોપીઓને જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તે નાસી જશે અને ટ્રાયલ દરમ્યાન હાજર નહી રહે જેથી ટ્રાયલ લંબાવવાના સંજોગો ઉભા થાય તેમ હોય તેમજ આવા પ્રકારના ગુનાઓ ફરીથી કરશે તેવી શકયતાઓ હોય, આરોપીઓને જામીન મુકત નહી કરવા વિનંતી કરેલ છે. વધુમાં સદર આરોપીઓનો ટ્રાન્સફર વોરંટના આધારે લાજપોર મધ્યસ્થ જેલ ખાતેથી કબજો મેળવેલ છે.

ઉપરોકત બંન્ને પક્ષની રજુઆત કેસના સંજોગો તથા કાયદાની પરીસ્થિતી ધ્યાને લેતા આ કામમાં આ કેસની મૂળ હકીકત ધ્યાને લેતા, આરોપીઓ ઉપર વધુમાં વધુ ૩ વર્ષની સજાને પાત્ર જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ઓફેન્સનો આરોપ છે. આરોપીઓ ઉપર પરીવારની જવાબદારી હોવાની રજુઆત છે કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે. વધુમાં સદર કામની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ પણ થઈ ગયેલ છે.

આ કામે આરોપીઓ સામેના ગુનાનો પ્રકાર, પ્રમાણ, સજાની જોગવાઈ, ટ્રાયલ વખતે આરોપીઓની હાજરી વિગેરે ધ્યાનમાં રાખતા તથા નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો *Sanjay Chandra v. Central Bureau of Investigation AIR 2012 SUPREME COURT 830* માં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત, Article 21 of Constitution ને ધ્યાને લેતા આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો તેનાથી ન્યાયનું હિત જળવાશે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આ કામના પ્રત્યેક આરોપીએ રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) ના રોકડ જામીન રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**શરતો ::–**

1. આરોપીએ રહેઠાણ તેમજ નોકરી–ધંધાનું કાયમી સરનામું મોબાઈલ નંબર સહિત કોર્ટમાં જાહેર કરવાનું

રહેશે અને જો તે બદલાય તો તેની જાણ અદાલતને કરવાની રહેશે.

**2.** આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવું.

**3.** આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક–ધમકી આપવી નહી કે પુરાવા સાથે ચેડા કરવા નહી.

**4.** આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો કોર્ટમાં જમા કરાવવો અન્યથા તે બાબતનું સોગંદનામું રજૂ કરવું.

આ હુકમ આજરોજ ગણદેવી મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

ગણદેવી.
તા. ૦૩/૦૨/૨૦૨૪.

**(મહેશકુમાર રામજીભાઈ ઠકકર)**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ગણદેવી. જીજે.૦૦૯૬૩